# ઉત્તર ગુજરાતમાં આજથી બે દિવસની બેન્ક હડતાલ, ૨૦૦૦ કરોડનું ટર્નઓવર ઠપ્પ થશે

## ચેક આપીને છટકબારી શોધનારાઓને બે દિની રાહત..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

બેન્કોના મર્ઝર મુદ્દે બેન્કો અને સરકાર લાંબા સમયથી આમને સામને છે અનેક પડતર માંગનો ઉકેલ આવતો નથી. જેથી સમગ્ર દેશ સહિત રાજ્ય અને ઉત્તર ગુજરાતમાં આજથી બે દિવસની બેન્ક હડતાલ શરૂ થશે જેના કારણે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં રૂા.૨૦૦૦ કરોડનું ટર્નઓવર ઠપ્પ થશે. કોરોના કાળમાંથી વેપારીઓના ધંધા-રોજગાર માંડ પાટે ચઢ્યા છે ત્યાં બેન્ક હડતાલ ઉબેટ બની શકે છે. જ્યારે ચેક આપીને છટકબારી શોધનારાઓને બેન્કની બે દિવસની હડતાલથી ટેકનિકલી રાહત મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર બેન્કોના મર્ઝર સહિતના પ્રશ્ને બેન્ક યુનિયનોએ તા.૧૫-૧૬ માર્ચનું બે દિવસની હડતાલનું બ્યુગલ ફુંક્યું હતું જેના કારણે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં કાર્યરત બેન્કોમાં બેન્કીંગ કામકાજ ઠપ્પ થઈ જશે અને કરોડોનાં ટર્નઓવર પણ ઠપ્પ થઈ જવાની દહેશત છે. બેન્ક યુનિયનોનો આરોપ છે કે કેન્દ્ર સરકારે બજેટના પ્રસ્તાવમાં બેન્કોના ખાનગીકરણને વધુ પ્રોત્સાહન આપતું હોય તેવું દેખાઈ રહ્યું છે જેથી ૫૦ વર્ષ અગાઉ બેન્કોના રાષ્ટ્રીયકરણ પછી દેશનો ખેત ઉદ્યોગ મોટા ઉદ્યોગો, નાના વેપારીઓ અને ફૂટપાથ પર વેપાર કરતા લોકોને રાહત દરે ધિરાણ આપી દેશના વિકાસમાં બેન્કોએ જે ભૂમિકા ભજવી હતી તેને નજર અંદાજ કરી સરકાર ઘડીયાળના કાંટા ઉંધા ફેરવી ૫ દાયકા પહેલાંની સ્થિતિ સર્જવા માગે છે તેવો આરોપ લગાવ્યો છે.

માલેતુજાર ઉદ્યોગપતિઓને રાહત અને ગરીબ-ખેડૂતોના હિતને નજર અંદાજ કર્યાનો આરોપ લગાવ્યો છે. જેથી ન છૂટકે બે દિવસની બેન્ક હડતાલનો નિર્ણય કરાયો છે. બેન્ક યુનિયને આરોપ લગાવતાં જણાવ્યું કે અત્યારે પ્રજાને સસ્તા દરે ખાતામાં ઓછા બેલેન્સ સાથે ખેત ઉદ્યોગોને ઓછા વ્યાજે જે ધિરાણ મળે છે તે ખાનગી બેન્કો ક્યારેય આપશે નહીં. લોકોની થાપણની સુરક્ષા ઘણી સિમિત થઈ જશે. નાના માણસોને બેન્કીંગ સેવા ખાનગીકરણ પછી અભિમન્યુંના ૭ કોઠા વિંધવા જેવી બની શકે છે. જેથી કેન્દ્ર સરકારની આ નીતિ સામે વિરોધ પ્રદર્શિત કરવા બેન્ક હડતાલનું શસ્ત્ર ઉગામ્યાનું જાણવા મળ્યું છે. જો કે આમ આદમીને બેન્કોના લોન લેવા સમયના અનેક કડવા અનુભવો પણ બેન્કીંગ યુનિયનોએ ભુલવા જોઈએ નહીં.

# ધૈર્યરાજને બચાવવા માનવતાનો સાદ : બાયડના પૂર્વ ધારાસભ્યે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય આપવાની માંગ કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

છેલ્લા એક સપ્તાહથી સોશ્યલ મીડીયા અને પ્રચાર



માધ્યમોમાં ધૈર્યરાજ નામનું ૩ મહિનાનું બાળક ચર્ચામાં છે. તેને સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી ફેક્ટસીટની બિમારી છે. રંગસૂત્ર-૫ ની નાળીમાં ખામીના કારણે આ પ્રકારની બિમારી થતી હોય છે. ન્યુરોન્સનું સ્તર અપૂરતું હોવાના કારણે કરોડરજ્જુમાં નબળાઈ અને બગાડ થાય છે જેથી શ્વાસ લેવામાં તકલીફ થાય છે. માતા-પિતાના વારસામાં આવેલો આ રોગ હોવાનું તબીબોએ જણાવ્યું છે અને તેને બચાવવા માટે રૂા.૧૬ કરોડની કિંમતનું ઈન્જેકશન અમેરીકાથી મળી શકે. ધૈર્યરાજનો પરિવાર માતબર રકમ કાઢી શકે તેમ નથી જેથી પ્રચાર માધ્યમોમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી સમગ્ર ગુજરાતમાંથી ધૈર્યરાજને બચાવવા માટે અનેક યુવા શક્તિઓ કામે લાગી છે. બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના કેટલાક શિક્ષકોએ યથાશક્તિ ફાળો આપ્યા પછી હવે બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ધૈર્યરાજને બચાવવા માટે મેદાનમાં આવ્યા છે તેઓએ રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી માસૂમ બાળકની જીંદગી બચાવવા રકમ ફાળવવામાં આવે તેવી ભલામણ કરી છે.

કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા અનેક આગેવાનો અને ધારાસભ્યો પાસેથી એક કળા શીખવા જેવી છે કે પ્રજામાં કેવી રીતે છવાઈ જવું. ભાજપના ધારાસભ્યોએ પણ આ કળા શીખવા જેવી ખરી. બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં કોઈ પ્રશ્નો ઉભા થયા કે પછી ગામડામાં વિકટ

**ગામે ગામે ધૈર્યરાજ માટે ફાળો ઉઘરાવવાનું શરૂ, બાળકને બચાવવા માટે રૂા.૧૬ કરોડના ઈન્જેક્શનની જરૂર**

સમસ્યા દેખાય, અનહદ ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા હોય ત્યારે બાથ ભીડવા માટે પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ હંમેશાં જંગમાં ઝંપલાવ્યું છે. કોઈના શંકાસ્પદ મોતના કિસ્સામાં પણ અડીખમ ઉભા રહી લોક સેવકની છબી ઉભી કરી છે. ત્યારે મહિસાગરના કાનેશ્વર ગામના રાજદિપસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડના ૩ મહિનાના પુત્ર ધૈર્યરાજસિંહને એસ.એમ.એ.૧ ની ગંભીર બિમારી છે. જેથી તેને બચાવવા માટે રૂા.૧૬ કરોડના ઈન્જેકશનની જરૂરીયાત છે. જો ઈન્જેકશન આપવામાં આવે તો માસૂમની જીંદગી બચી જાય જેથી બાયડના પૂર્વ ધારાસભ્યએ રાજ્યના મુખ્ય મંત્રીના દ્વાર ખખડાવી મદદ માટે ગુહાર લગાવી છે. જો કે પૂર્વ ધારાસભ્યએ પ્રથમ પોતાનો માતબર ફાળો જાહેર કર્યા પછી અપીલ કરી હોત તો અનેક લોકો પણ તેનાથી પ્રેરણા લઈ ધૈર્યરાજસિંહની મદદ માટે મેદાનમાં આવી શકે છે. એક રીતે પૂર્વ ધારાસભ્યએ સરકારના દ્વાર ખટખટાવી ધૈર્યરાજસિંહની જીંદગી બચે તે માટે એક તક ઉભી કરી છે.

# ખેડૂતને 'પડતા ઉપર પાટુનો ઘા' મેઘરજના રાયાવાડામાં ખેતરમાં આગ લાગતાં ૧૦૦ મણ ઘઉં બળીને ખાખ

## પાયમાલ થયેલા ખેડૂતને વળતર આપવાની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

ઉનાળો માંડ શરૂ થયો છે ત્યાં



ખેતરમાં આગજનીના બનાવોમાં ઉછાળો આવ્યો છે. મેઘરજના રાયાવાડાના ખેડૂત મુકેશભાઈ સોમાભાઈના ખેતરમાં આગ લાગતાં તૈયાર થયેલા ઘઉંનો જથ્થો આગમાં ભસ્મિભૂત થયો છે. ૧૦૦ મણથી વધુ ઘઉં રાખ બન્યાનું સ્થાનિક સૂત્રોએ જણાવ્યું છે.

કોરોનાના કપરા કાળમાંથી તબાહ થયેલા ખેડૂતો માંડ બહાર આવવાના પ્રયાસ કરી રહ્યા છે ત્યાં કુદરત કે માનવ સર્જીત આપત્તિના કારણે બનતી દુઘર્ટનાઓથી ખેડૂતોને પાયમાલ થવાનો વારો આવતો હોય છે. જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં જ આગ જનીના ૧ ડઝનથી વધુ નાના-મોટા બનાવમાં ખેડૂતોને આર્થિક ફટકો સહન કરવાની નોબત આવી છે. મોટાભાગના કિસ્સાઓમાં ઝોલા ખાતા વિજ તાર આગ માટે નિમિત્ત બન્યા છે ત્યારે ગત રોજ મેઘરજ તાલુકાના અંતરીયાળ રાયાવાડામાં ખેડૂતના ખેતરમાં પરોઢે આગ લાગતાં ૧૦૦ મણ ઘઉંનો પાક આગમાં હોમાઈ ગયો હતો. કોઈએ ઈરાદાપૂર્વક આગ ચાંપી કે પછી કોઈ વટેમાર્ગુએ બીડી ફુંક્યા પછી બેદરકારી દાખવતાં આગ ભભૂકી..?? વગેરે સવાલોને લઈને અનેક અટકળો ચાલી રહી છે. આગનું કારણ બહાર આવશે ત્યારે ખરૂં પરંતુ ૧૦૦ મણ ઘઉં વેચી ઘરનું ગુજરાન ચલાવવાનું સ્વપ્ન દેખનારા પાયમાલ થયેલા ખેડૂતને ઉધારવા માટે તંત્રએ મદદ માટે આગળ આવવું રહ્યું.

# અરવલ્લી જિલ્લામાં ખાખી વર્દીના ડર વગર ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરી દોડતાં વાહનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીની પોલંમપોલ બહાર આવી છે. આ માત્ર કચેરીની અંદરની વિગતો છે પરંતુ બહારની વિગતો બહું ચોંકાવનારી છે. જિલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય રૂટ ઉપર ખાખી વર્દીના ડર વગર ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને વાહનો દોડી રહ્યા છે તેમાંય હોળી-ધુળેટીનું પર્વ નજીક આવતાં વાહનમાં ૩૦થી ક્ષમતા સામે ૭૦ મુસાફરો ભરીને સેમી લક્ઝરીઓ દોડી રહી છે.

**ગમખ્વાર અકસ્માતની ભીતી છતાં પોલીસ-આર.ટી.ઓ.ના આંખ આડાકાન**

ગમખ્વાર અકસ્માતની ભીતી છતાં પોલીસ-આર.ટી.ઓ.ના આંખ આડા કાન નજર અંદાજ ન કરી શકાય. રીક્ષાચાલકને કનડગત કરતી ખાખી વર્દીને એવો તે કયો પ્રેમ ઉભરાયો કે અન્ય મોટાં વાહનોમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો હોવા છતાં દંડનીય કાર્યવાહી થતી નથી. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા તપાસ થાય તો ટ્રાફીક પોલીસથી માંડી સ્થાનિક પોલીસની ઉઘરાણાની જુગલબંધી બહાર આવી શકે છે. જિલ્લામાં એસ.ટી. બસની સમાંતરે દોડતાં વાહનોથી એસ.ટી.ને દૈનિક લાખો રૂપિયાનો આવકમાં ફટકો પડી રહ્યો છે. પોલીસના તગડા હપ્તારાજથી તમામ રૂટ ઉપર ગેરકાયદે મુસાફરોનું વહન કરતા શટલિયા વાહનોનો રાફડો ફાટ્યો છે.



મુસાફરો મેળવવાની લ્હાયમાં ગતિ મર્યાદા કે મુસાફરો બેસાડવાની આર.ટી.ઓ.ના નિયમનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે તેમાંય અરવલ્લી જિલ્લાના પાટનગર મોટાભાગના ગ્રામ્ય રૂટો ઉપર શટલિયા વાહનોમાં મુસાફરો ગરજના માર્યા મોતની મુસાફરી કરી રહ્યા છે. જીપ તેમજ સેમી લક્ઝરીની અંદર તેમજ છાપરા ઉપર પણ બિન્દાસ મુસાફરો ઠાંસી ઠાંસીને બેસાડાય છે જેથી સામાન્ય ચૂકમાં પણ મુસાફરોની લાશોનો ઢગલો થઈ જાય તેવી સ્થિતિ છતાં પોલીસ અને આર.ટી.ઓ.નું પેટનું પાણી પણ હાલતું નથી. કાયમી રૂટ ઉપર પોલીસના હપ્તા રાજના કારણે મુસાફરો ભરીને ફરતા ખાનગી વાહનો સામે કોઈ પગલાં ભરાયાં નથી. તંત્ર જાણે કે મુસાફરોની ઢગલાબંધ લાશોની રાહ જોતું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

# બાયડમાં વિશ્વ ઉમિયાધામ સંકલ્પ યાત્રા યોજાઈ, ૧૫૦૦ ઉમિયા ભક્તોની હાજરી

## અરવલ્લીના ૧૭ ગામોમાં યાત્રાનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

બાયડમાં વિશ્વ ઉમિયાધામ સંકલ્પ યાત્રાનું રવિવારે બાયડમાં આવી પહોંચતાં માં ઉમિયાના ભક્તોએ સ્વાગત કર્યું હતું. વિક્રમ સીડ્સ ખાતે યોજાયેલી સંકલ્પ યાત્રામાં ૧૫૦૦ થી વધુ ઉમિયા ભક્તોની હાજરીથી વાતાવરણ ધર્મમય બન્યું હતું. અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ અને માલપુર તાલુકાના કુલ-



સાંસ્કૃતિક કમીટીના કન્વિનર સાગર પટેલ, અરવલ્લી જિલ્લા સાંસ્કૃતિક કમીટીના ચેરમેન મયુર પટેલની ઉપસ્થિતિમાં સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. ગામડે..ગામડે માં ઉમિયાની ભક્તિ પહોંચાડવા માટે સંકલ્પ યાત્રા યોજાઈ રહી છે જેમાં બાયડના ૧૭ ગામોને આવરી લેતી સંકલ્પ યાત્રાનું ૪ દિવસની યાત્રાનું આયોજન થયું છે.

શ્રી ઉમિયા દર્શન સંકલ્પ પરીક્રમા ઉત્તર ગુજરાતમાં શરૂ થઈ છે. જેમાં ગામે ગામ માં ઉમિયાના ભક્તિ પહોંચાડવાનું આહવાન શરૂ થયું છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સાંસ્કૃતિક કમીટી કન્વિનર સાગર પટેલનો તા.૧૩ માર્ચ થી ૧૬ માર્ચ સુધીનો મોડાસા, માલપુર અને બાયડ તાલુકાનો કાર્યક્રમ નિર્ધારીત કરાયો હતો જે મુજબ ગત રોજ સવારે ૯-૦૦ કલાકે મોડાસાના ઉમિયા મંદિર થી ઉમિયા દર્શન પરીક્રમા શરૂ થઈ જે પ્રથમ દિવસે મોડાસા ઉપરાંત ડુઘરવાડા, ખંભીસર અને સાંજે લીંભોઈ પહોંચી હતી ત્યારબાદ રવિવારે ઉમિયા મંદિર-બાયડ થી પ્રસ્થાન કરી આંબાગામ, આંટીયાદેવ, સખવાણીયા અને સાંજે ગાબટ પહોંચી હતી. આજે સોમવારે ઉમિયા મંદિર-તેનપુર થી સંકલ્પ યાત્રા શરૂ થશે જે ભૂડાસણ, અમિયાપુર, જીતપુર, છાપરીયા અને સાંજે ચોઈલા મંદિર પહોંચશે અને તા.૧૬ માર્ચના રોજ ઉમિયા મંદિર-અરજણવાવ થી પેન્ટરપુરા પહોંચશે. ઉમિયા છે દુનિયા, સતી મારો આધાર..ના ભક્તિમય સંગીત સાથે સંકલ્પ યાત્રા જ્યાં જ્યાં પહોંચી ત્યાં માં ઉમિયાના ભક્તોએ ધોમધખતા તાપમાં સંકલ્પ યાત્રીઓનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

# બાયડમાં રામનું તળાવ સૂકાતાં ચિંતાનાં વાદળ ઘેરાયાં

## વાત્રક ડેમના પાણીથી તળાવ ભરવા માંગ : સત્તાની ખેંચતાણમાં તળાવ ભરવાનો મુખ્ય મુદ્દો ભૂલાયો, પાણીનાં તળ વધુ ઉંડાં ઉતર્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

બાયડમાં રામનું તળાવ સૂકાતાં ચિંતાનાં વાદળ ઘેરાયાં છે. હજુ કારમો ઉનાળો શરૂ થયો નથી અને તળાવ સૂકાતાં મૂંગા પશુઓને પીવાના પાણીની સમસ્યા ઉભી થશે જેથી સુજલામ સુફલામ કાંતો વાત્રક ડેમના પાણીથી તળાવ સત્વરે ભરવાની ખેડૂતો અને બાયડની પ્રજાએ માંગ કરી છે. બાયડ પાલિકામાં સામાન્ય ચૂંટણી યોજાવવાની હોવાથી સત્તાની ખેંચતાણમાં તળાવ ભરવાનો મુખ્ય મુદ્દો ભૂલાયો છે. રામનું તળાવ સૂકાતાં આસપાસના બોરકૂવામાં પાણીનાં તળ વધુ ઉંડાં ઉતર્યાં છે.

અરવલ્લી જિલ્લામાં ખાસ કરીને બાયડ વિસ્તારમાં પાણીનો સમૃદ્ધ ભંડાર હોવાનું જાણવા મળ્યું છે. બાયડના



રામના તળાવમાં ચોમાસા દરમ્યાન સારા વરસાદથી તળાવ છલકાતાં ખેડૂતો મલકાયા હતા. બોરકૂવા રીચાર્જ થવાની સાથે પાણીનાં તળ ઉંચાં આવ્યાં હતાં. જેના કારણે ખેડૂતો બારેમાસ સિંચાઈનો લાભ ઘરેલું યોજનાથી લઈ શકતા હતા.

આ વર્ષે જાન્યુઆરીના આરંભે જ તળાવ, ચેકડેમ સૂકાતાં ખાલીખમ તળાવો ભરવા માટે સરકાર અને વિભાગમાં રજૂઆતો થઈ હતી જેના આધારે એસ.કે.-૨ યોજના મારફતે નર્મદાના નિર જિલ્લાના તળાવોમાં ક્રમશઃ ઠલવાતાં ખાલીખમ તળાવ ઉનાળાના આરંભે છલકાઈ રહ્યા છે પરંતુ બાયડમાં સત્તાની ખેંચતાણમાં ખેડૂતો અને બાયડના નગરજનોની ભવિષ્યની વિટંબણાને બંન્ને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસના આગેવાનોએ નજર અંદાજ કરી જેનું પરિણામ નજર સમક્ષ છે. અંદાજીત ૨૫ વિઘામાં પથરાયેલું તળાવ ઉંડું કરવાનું પણ ભુલાયું હતું જેથી પાણીની સંગ્રહ શક્તિ ઘટી છે. હવે જાગ્યા ત્યાંથી સવાર સમજી બાયડ પાલિકાના નવા સત્તાધિશો દ્વારા રામનું તળાવ ભરવા માટે સરકારમાં યોગ્ય રજૂઆત કરવાનો સમય આવી ગયો છે.

# કોરોના રીટર્ન : બાયડ તાલુકામાં ૧૫૦થી વધુ કેસની આશંકા : પ્રજા સાવધ નહીં થાય તો ફરી લૉકડાઉનના ભણકારા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે ત્યારે બાયડ તાલુકામાં કોરોનાની ભયજનક સ્થિતિ હોવાના અહેવાલ છે. છેલ્લા ૧૦ દિવસમાં જ ૧૫૦ થી વધુ પોઝિટિવ શંકાસ્પદ કેસ હોવાની આશંકા છે. પ્રજા સાવધ નહીં થાય તો ફરી લૉકડાઉનના ભણકારા વાગી રહ્યા છે. બાયડ ઉપરાંત મોડાસા, ધનસુરા અને માલપુર તાલુકામાં પણ કોરોના ફરીથી ફુંફાળો મારતો હોય તેવા આંકડા સામે આવી રહ્યા છે.

સમગ્ર દુનિયામાં કોરોનાના નવા સ્ટ્રેનની ચર્ચા છે ત્યારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો તે માટે રાજકીય પક્ષો અને કાર્યકરોને દોષ આપવામાં આવે તો તેમાં કશું ખોટું નથી. ચૂંટણી જંગ પૂરો થયા પછી જે રીતે કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો તે ચિંતાજનક છે. પોતાના જીવની પરવા કર્યા વગર અગાઉ કોરોનાના દર્દીઓની સેવા કરનારા ડૉક્ટરો તેમજ પેરામેડીકલ સ્ટાફે અનેક કોરોનાગ્રસ્ત દર્દીઓની જીંદગી બચાવી હતી. ડૉક્ટરો પણ કોરોના સામે સાવધ રહેવા સૌને ચેતવ્યા હોવા છતાં તા.૧ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી દરમ્યાન જિલ્લામાંથી કોરોના મોસાળે ગયો હોય તેવું માની સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું સંપૂર્ણ ભુલાયું જેનાં ગંભીર પરિણામો અત્યારે તો બાયડ તાલુકામાં સામે આવી રહ્યા છે. એક પછી એક રાજકીય પક્ષોના આગેવાનો, કાર્યકરો કોરોનાગ્રસ્ત બન્યા છે. બાયડ તાલુકામાં પાછલા ૧૦ દિવસમાં કોરોનાના ૧૫૦ થી વધુ કેસ હોવાની આશંકા છે. શહેરી વિસ્તારની સાથે ગ્રામ્ય વિસ્તારને પણ કોરોના ઝડપથી ભરડો લઈ રહ્યો છે આ સંજોગોમાં પ્રજાએ સાવધ રહેવું પડશે નહીંતર ફરીથી લૉકડાઉન અમલી બની શકે છે.

# ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓને ઘેર બેઠાં પ્રશ્નપત્ર મોકલાશે

બાયડ, તા.૧૪

કોરોનાના કારણે છેલ્લા ૧૨ મહિનાથી પરીક્ષા શબ્દ ભૂલાયો હતો ત્યારે ઉત્તર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૩ થી ૮ ના અંદાજીત ૫ લાખ છાત્રોની પ્રથમ સત્રાંત પરીક્ષાનો સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે. જિલ્લાની કેટલીક શાળાઓમાં વિદ્યાર્થી અને પ્રા.શિક્ષકોમાં કોરોનાના દેખાયા પછી સત્રાંત પરીક્ષા ઉપર સંકટ મંડરાયું હતું. પરંતુ પરીક્ષા નિયત સમયપત્રક મુજબ યોજાવવાની છે. કોરોનાના કારણે હોમલર્નિંગ દ્વારા કરાવેલા અભ્યાસક્રમનું પ્રશ્નપત્ર હશે.

ગત માર્ચ-૨૦૨૦થી કોરોનાના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ કરાયું હતું. શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ કરવા માટે રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણયો લેવાયા પછી તેમાં વારંવાર બદલાવ કર્યો હતો. છેવટે જાન્યુઆરી-૨૦૨૧ થી તબક્કાવાર ધો.૧૦-૧૨, ધો.૯-૧૧ અને ત્યારબાદ ધો.૬ અને ૮ ની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું છે. ધો.૧ થી ૫ નું શિક્ષણ શાળામાં શરૂ થવાની શક્યતાઓ ધુંધળી છે. વિભાગ દ્વારા રાજ્યની ૩૨ હજાર પ્રા.શાળાઓની સાથે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૯૨૦૦ થી વધુ સરકારી પ્રા. શાળાઓમાં આજે તા.૧૫ માર્ચથી ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓની પ્રથમ સત્રાંત પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ માટે રાજ્યની તમામ શાળાઓમાં એક જ પ્રકારના પ્રશ્નપત્રની હાડકોપી જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપ્યા પછી શાળાઓના મુખ્ય શિક્ષકોને આપવામાં આવી છે. પ્રથમ સત્રાંત પરીક્ષા પૂરી થયા પછી પ્રા.શિક્ષકોને ઝડપથી ઉત્તરવહી ચકાસણી કરવા અને તૂરંત ઉપચારાત્મક કાર્ય શરૂ કરવા તાકીદ કરવામાં આવી છે. કસોટી સબંધિત વિષય શિક્ષકે ચકાસવાની રહેશે કસોટીનું પરીક્ષણ અને નિરીક્ષણ શાળા કક્ષાએ કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. સરકારી પ્રા.શાળાઓમાં તમામ શૈક્ષણિક વિષયોની કસોટીઓ લેવા જણાવ્યું છે. કસોટીના પ્રશ્નપત્રો સી.આર.સી. કો.ઓર્ડીનેટર સાથે જે તે શાળાઓને મોકલી આપવામાં આવ્યા છે. ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓને કસોટી માટે શાળામાં બોલાવવાના નથી અને તેમના ઘરે જ પ્રશ્નપત્રો પહોંચાડવાના છે અને તા.૨૩ માર્ચના રોજ પ્રશ્નપત્ર પરત લેવાના રહેશે.

# 'કિસ્મત' કાલે ખુલશે : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયત, ૪ નગરપાલિકા પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયત, હિંમતનગર, મોડાસા, બાયડ અને વડાલી પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા પછી પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી માટે ગાંધીનગર મુખ્ય મંત્રીના બંગલે રવિવારે પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક યોજવામાં આવી હતી. જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના જવાબદાર હોદ્દેદારો, પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં સંભવિત ઉમેદવારો બાબતે લંબાણપૂર્વક ચર્ચા થયા પછી પેનલમાં નામ સુપ્રત કરવામાં આવ્યાં છે. બંધ કવરમાં ભાજપ પ્રમુખ-ઉપપ્રમુખનું મેન્ડેટ આપી ચૂંટાયેલા સભ્યો માટે વ્હીપ જારી કરશે. મંગળવારે પ્રમુખ-ઉપપ્રમુખ માટે કોનું કિસ્મત ખુલશે તેને લઈને

**બંધ કવરમાં ભાજપ મેન્ડેટ આપી ઉમેદવારી કરાવશે, મંગળવારે કિસ્મત કોનું ખુલશે તેના ઉપર પ્રજાની મીટ**

કેટલાય ઉમેદવારો અને તેમના ટેકેદારો અનિંદ્રામાં સરી પડ્યા છે.

બૃહદ સાબરકાંઠાના બંન્ને જિલ્લામાં ભાજપનું બુલ્ડોઝર ફરી વળતાં કોંગ્રેસનો કચ્ચરઘાણ નિકળી ગયો છે. કેટલાક વિસ્તારોમાં તો કોંગ્રેસ વિપક્ષની ભૂમિકામાં પણ નબળી પૂરવાર થાય તેટલું સંખ્યાબળ જોવા મળ્યું છે. તા.૨ માર્ચે પરિણામો જાહેર થયા પછી તા.૧૬ માર્ચના રોજ મોડાસા, બાયડ નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ અને તા.૧૭ માર્ચે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખ તેમજ તમામ ૧૪ તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ કરવાની હોવાથી ગાંધીનગર ખાતે મુખ્ય મંત્રીના અધ્યક્ષ સ્થાને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક યોજવામાં આવી હતી. જેમાં પ્રમુખ-ઉપપ્રમુખના નામ મુદ્દે સમીક્ષા થઈ હતી. મોટેભાગે જિલ્લા કક્ષાએથી સંગઠન દ્વારા પેનલમાં જે નામ આપવામાં આવ્યા છે તે જ નામો પ્રમુખ-ઉપપ્રમુખ માટે પસંદ કરાશે તેવી ગરમાગરમ ચર્ચા છે. અરવલ્લીની બે નગરપાલિકાઓના પ્રમુખ-ઉપપ્રમુખનું કિસ્મત કાલે ખુલશે તેના બીજા દિવસે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ માટે કોનું નસીબ ખુલ્યું તે જાહેર થઈ જશે.